અન્ય જ્ઞાતિના યુવક સાથેનો પ્રેમ સંબંધ પરિવારને મંજૂર ન હતો

# ઓનર કિલિંગ : સુરતથી પાલિતાણા લઇ જઇ દીકરીની ગળું દબાવી હત્યા

**કાકાએ** માર માર્યો અને પિતાએ હત્યા કર્યા બાદ લાશને સ્મશાનમાં સળગાવી નાંખી

**નાની** પુત્રીની સામે જ હત્યા કરનાર પિતા અને કાકાની ધરપકડ




રાજકોટ : પાલીતાણા તાલુકાના રાણપરડા ગામમાં એક ચકચારી ઓનર કિલિંગની ઘટના સામે આવી છે, જેમાં 19 વર્ષીય યુવતીની તેના પિતા અને કાકાએ નિર્દયી રીતે હત્યા કરી નાંખી હતી. આ ઘટના 7મી માર્ચના રોજ સવારે 7થી 8 વાગ્યાના સમયગાળામાં બની હતી.

જલ્પા રાઠોડ નામની યુવતી અન્ય જ્ઞાતિના યુવક સાથેના પ્રેમ સંબંધમાં હતી, જે તેના પરિવાર માટે ઈજ્જતનો સવાલ બની ગઈ હતી. પિતા દીપક ધીરુભાઈ રાઠોડ અને કાકા ભાવસંગ ઉર્ફે લાલજી રાઠોડે આ સંબંધને કારણે આ દીકરીનું ઓનર કિલિંગ કર્યુ હતું. ત્યારબાદ મૃતદેહને સ્મશાનમાં સળગાવી દીધો હતો. પોલીસે બંનેની ધરપકડ કરી છે. જલ્પાબેનને તેના પિતા સુરતથી રાણપરડા ગામે લાવ્યા હતા. ત્યાં કાકા ભાવસંગે પ્રથમ તેને માર માર્યો હતો. ત્યારબાદ પિતાએ તેની પુત્રીનું ગળું દબાવીને મોતને ઘાટ ઉતારી દીધી. આ સમગ્ર ઘટના જલ્પાની નાની બહેનની સામે જ બની હતી. પિતાએ નાની બહેનને આ ઘટનાની જાણ કોઈને ન કરવા ધમકી આપી હતી.

હત્યા બાદ પિતા અને કાકાએ મૃતદેહને રાણપરડા ગામના સ્મશાનમાં સળગાવી દીધો હતો, જેથી કોઈ પુરાવા ન રહી જાય. સગી દીકરીને સમાજમાં માનમોભો બચાવવા મોતને ઘાટ ઉતારી હતી.

પાલીતાણા ડીવાયએસપી મિહિર બારીયાના જણાવ્યા મુજબ, પોલીસે પિતા દીપક રાઠોડ અને કાકા ભાવસંગ રાઠોડની ધરપકડ કરી લીધી છે.

તેમની વિરુદ્ધ પાલીતાણા ગ્રામ્ય પોલીસ મથકમાં હત્યા, પુરાવાનો નાશ કરવા અને માર મારવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. હાલમાં બંને આરોપીઓ રાણપરડા ગામેથી ઝડપાઈ ગયા છે અને પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# GSRTCમાં નોકરી આપવાની લાલચ આપી 45 યુવાનો સાથે ઠગાઇ

**નકલી** નિમણૂક પત્ર અને આઈકાર્ડ આપનારા સામે પોલીસે માત્ર અરજી લીધી : યુવરાજસિંહ જાડેજા

ગાંધીનગર : રાજ્યમાં લાખો યુવાનો બેરોજગાર છે, ત્યારે લેભાગુ અને છેતરપિંડી કરનારા તત્વો પણ સક્રિય થઈ ગયા છે. સરકારી નોકરીની લાલચ આપી છેતરપિંડીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જીએસઆરટીસી (એસટી નિગમ)માં નોકરી આપવાને બહાને એક યુવાન પાસેથી 97,200ની છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું છે.

આ અંગે મળતી માહિતી મુજબ અમદાવાદના એક વ્યક્તિ સાથે બોરસદમાં રહેતા નિલેશ મકવાણા અને આશિષ ક્રિશ્ચિયન નામના વ્યક્તિએ એસટી નિગમમાં નોકરી આપવાના બહાને રૂપિયા પડાવી લીધા હતા. આ છેતરપિંડી કરનાર તત્વએ તમામ પૈસાનો વ્યવહાર ઓનલાઈન કરાવ્યો હતો, અને એસટી નિગમનો નકલી એપોઈમેન્ટ લેટર આપ્યો હતો.

મળતી માહિતી મુજબ 45 થી વધુ લોકો સાથે આ રીતે છેતરપિંડી કરાઈ હોવાનું બહાર આવ્યું છે. આ મામલે છેતરપિંડીનો ભોગ બનનાર પીડિત દ્વારા પહેલા અમદાવાદના ખોખરા પોલીસ મથકમાં તેમજ ત્યાર બાદ વટવા જીઆઈડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા ગયા હતા, પરંતુ ફરિયાદની જગ્યાએ માત્ર અરજી લીધી હતી. આ મામલે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ પણ આરોપ લગાવતા કહ્યું હતું કે, જીએસઆરટીસીમાં નોકરી આપવાના નામે છેતરપિંડી કરાઈ છે. નિલેશ મકવાણા અને આશિષ ક્રિશ્ચિયન નામના વ્યક્તિએ પૈસા લીધા હોવાના પુરાવા આપ્યા હોવા છતાં ખોખરા પોલીસ સ્ટેશનમાં અરજી આપવા છતાં બે મહિના જેટલો સમય થયો પરંતુ હજુ સુધી ગુનો દાખલ કરવામાં આવ્યો નથી.

યુવરાજસિંહ જાડેજાએ વધુમાં કહ્યું હતું કે એસટી નિગમની જુદી જુદી ભરતીઓમાં કૌભાંડ થયું છે. જેમાં નકલી નિમણૂક પત્રો, એપોમેન્ટ લેટર, આઈકાર્ડ આપવામાં આવ્યા છે. કેટલાક લેભાગુ તત્વો દ્વારા ઉમેદવારોને ડુપ્લીકેટ લેટરો મોકલવામાં આવ્યા છે. આ સમગ્ર મામલે ભોગ બનનાર યુવકની તાત્કાલિક ફરિયાદ નોંધવામાં આવે તેવી માગણી છે.

## હિટવેવની અસર , રાજકોટમાં 42 ડિગ્રી ગરમી

ગાંધીનગર : આગામી 24 કલાકની અંદર રાજયમાં ગરમીનો પારો 41 ડિગ્રી આસપાસ રહેશે, એટલું જ નહીં આજે દિવસ દરમ્યાન રાજકોટમાં ગરમીનો પારો 42 ડિગ્રીએ પહોચી જતાં લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. આગામી 24 કલાક દરમ્યાન સાબરકાંઠા, કચ્છ, રાજકોટ અને પોરબંદરમાં હિટવેવની ચેતવણી ઈશ્યુ કરી દેવામાં આવી છે. - કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજયુક્ત હવામાનની આગાહી કરાઈ છે. જો કે આગામી પાંચેક દિવસ દરમ્યાન ગરમી 2થી 4 ડિગ્રી ઘટશે. આજે દિવસ દરમ્યાન રાજકોટ હિટવેવની ચપેટમાં આવી જવા સાથે ગરમીનો પારો 42 ડિગ્રીએ પહોંચ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજયના અન્ય શહેરો પૈકી અમદાવાદમાં 41 ડિ.સે., ડીસામાં 40 ડિ.સે., ગાંધીનગરમાં 41 ડિ.સે. વલ્લભ વિદ્યાનગરમાં 40 ડિ.સે.,વડોદરામાં 40 ડિ.સે., સુરતમાં 39 ડિ.સે., ભૂજમાં 40 ડિ.સે., નલિયામાં 39 ડિ.સે., કંડલા પોર્ટ પર 39 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 41 ડિ.સે., અમરેલીમાં 41 ડિ.સે., ભાવનગરમાં 38 ડિ.સે.,રાજકોટમાં 42 ડિ.સે.,સુરેન્દ્રનગમાં 41 ડિ.સે., મહુવા 37 ડિ.સે. અને કેશોદમાં 41 ડિ.સે., મહત્તમ તાપમાન નોંધાવવા પામ્યુ હતું.



# સાવરકુંડલાની સહકારી બેંકમાં વહેલી સવારે શોર્ટસર્કિટ થતાં આગ

**જુનાસાવર** શાખાના દસ્તાવેજો અને કોમ્પ્યુટર ખાખ, તિજોરી સુરક્ષિત

રાજકોટ : અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના જુનાસાવર ગામની મધ્યસ્થ સહકારી બેંકમાં વહેલી સવારે આગ લાગવાની ઘટના બની છે. શોર્ટ સર્કિટના કારણે લાગેલી આગમાં મોટાભાગના દસ્તાવેજો અને કોમ્પ્યુટર સહિતની મશીનરી બળીને ખાખ થઈ ગઈ છે. ઘટનાની જાણ થતાં સાવરકુંડલા નગરપાલિકાની ફાયર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર ટીમે પાણીનો મારો ચલાવીને આગને કાબૂમાં લીધી હતી. રાહતની વાત એ છે કે બેંકની તિજોરી અન્ય રૂમમાં હોવાથી સુરક્ષિત રહી છે. બેંકના કર્મચારીઓ હાલ નુકસાનનું નિરીક્ષણ કરી રહ્યા છે. આ ઘટનાથી બેંકના ગ્રાહકો ચિંતામાં મુકાયા છે. સાવરકુંડલા પોલીસે ઘટનાસ્થળની મુલાકાત લીધી છે. આસપાસના લોકોની પૂછપરછ કરીને આગની ઘટના અંગે તપાસ શરૂ કરી છે. બેંક તરફથી નુકસાનનો અંદાજ મેળવવાની કાર્યવાહી ચાલી રહી છે.ઉલ્લેખનીય છે કે અમરેલી જિલ્લામાં ઉનાળા દરમિયાન આગની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે.

# ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચના અધિકારીની ઓળખ આપી 1.40 લાખ લૂંટી લેવાયા

**અમદાવાદ** ક્રાઈમ બ્રાંચે બે આરોપીની ધરપકડ કરી

અમદાવાદ : ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચના અધિકારીની ઓળખ આપીને વસીમભાઈનું અમદાવાદ એસજી હાઈવે પર ગુરુદ્વારા સર્કલથી અપહરણ કરી ગાંધીનગર લઈ જઈ એક કરોડની ખાંડણી માગીને રોકડા રૂપિયા 12 હજાર, દુબઈની કરન્સી 600, ઘડિયાળ તથા મોબાઈલ મળી 1.20 લાખની લૂંટ કરી હોવાની ફરિયાદ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાંચે બે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દ્વારા તપાસ હાથ ધરતા સરખેજ સપના ટોકીઝ પાસેથી આરોપી આશિક ઉર્ફે ડાળીઓ હબીબભાઈ દેસાઈ ( ઉં.વ. 38 રહે, મિલન સોસાયટી ધંધુકા ) અને અલ્પેશ ઉર્ફે મુકેશ અશોક ડાભી ( ઉં.વ.38 રહે, જુના પુનિતનગર ધંધુકા)ની ધરપકડ કરી તેની પાસેથી 1.40 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ક્રાઈમ બ્રાંચએ ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછ કરતા એવી હકીકત બહાર આવી હતી કે, પોતાના ઓળખીતા અબુએ ટીપ આપી હતી કે, સરખેજ વિસ્તારમાં રહેતા વસીમભાઈ મોઘલ પાસે ઘણા બધા રૂપિયા છે, અને તેને હની ટ્રેપની જાળમાં ફસાવી રૂપિયાની માંગણી કરવામાં આવશે, તો એક કરોડ કરતાં વધારે રૂપિયા મળશે. તેથી બંને આરોપીઓએ તેમના સાગરીત સમીર ઉર્ફે ડીજે રહે, નાગલપુર મહેસાણાને તૈયાર કરી એક છોકરી શોધી કાઢીને આ છોકરીને વસીમભાઈ મોઘલના મોબાઈલ નંબર ઉપર વાત કરાવીને મિત્રતા કરાવી હતી, ત્યારબાદ હની ટ્રેપમાં ફસાવીને વસીમભાઈનું અપહરણ કરી એક કરોડની ખંડણી માગવામાં આવી હતી.

## ખાંભા ગીરમાં 3.2ની તીવ્રતાનો ભૂકંપ, એક મહિનામાં ત્રીજીવાર ધરા ધ્રૂજી

રાજકોટ : આજે સવારે અમરેલીના ખાંભા ગીરના ગામડાઓમાં ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ગાંધીનગર સિસ્મોલોજી વિભાગના જણાવ્યા અનુસાર, સવારે 10:12 મિનિટે આવેલા આ આંચકાની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 3.2 નોંધાઈ છે.

વિભાગે પુષ્ટિ કરી છે કે, ભૂકંપનું કેન્દ્રબિંદુ અમરેલીથી 44 કિલોમીટર દક્ષિણ-પશ્ચિમ દિશામાં નોંધાયું છે. આ આંચકાની અસર ખાંભા તાલુકાના ભાડ, ઈંગોરાળા, નાના વિસાવદર અને નાની ધારી જેવા ગામોમાં અનુભવાઈ હતી. ચિંતાજનક બાબત એ છે કે, છેલ્લા એક મહિનામાં આ વિસ્તારમાં આ ત્રીજો ભૂકંપનો આંચકો નોંધાયો છે. જોકે, કોઈ જાનહાનિ કે માલહાનિના સમાચાર નથી. અત્રે ઉલ્લેખનીય છે કે એક મહિનામાં ત્રીજી વાર ધરા ધ્રુજતા લોકોમાં ભયની લાગણી છે.

# રમકડાંની આડમાં વિદેશથી મંગાવેલો 3.45 કરોડનો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો

**અમદાવાદ** ક્રાઈમ બ્રાન્ચેએ શાહીબાગની ફોરેન પોસ્ટ ઓફિસમાંથી પાર્સલમાં આવેલું ડ્રગ્સ જપ્ત કર્યું

અમદાવાદ : અમદાવાદ સહિત ગુજરાતમાં એનકેન પ્રકારે ડ્રગ્સ માફિયાઓ ડ્રગ્સની હેરાફેરી કરતા હોય છે, ત્યારે અમદાવાદમાં ફરી એક વખત 3.45 કરોડનો ડ્રગ્સનો જથ્થો અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચએ શોધી કાઢ્યો છે. ડાર્ક વેબ તથા ઈન્ટરનેટના માધ્યમથી યુએસએ, થાઈલેન્ડ, કેનેડાથી રમકડાની આડમાં 3,45,25,000નો ડ્રગ્સનો જથ્થો જુદા જુદા પાર્સલમાં અમદાવાદની ફોરેન પોસ્ટ ઓફિસમાં મંગાવવામાં આવ્યો હતો.

અમદાવાદ ફોરેન પોસ્ટ ઓફિસ ખાતે શંકાસ્પદ પાર્સલ જુદા જુદા દેશોમાંથી આવ્યા હતા. આ પાર્સલોમાં ગેરકાયદેસર રીતે હાઈબ્રીડ ગાંજો મંગાવવામાં આવ્યો હતો, આ હકીકતની જાણ થતાં કસ્ટમ વિભાગમાં કુલ 105 પાર્સલ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમને કસ્ટમ વિભાગ દ્વારા ફોરેન પોસ્ટ ઓફિસમાંથી ઘણા સમયથી પડી રહેલા શંકાસ્પદ પાર્સલો સોંપતા તેની ચકાસણી કરવામાં આવતા તેમાં રમકડા તથા અન્ય ખાદ્ય સામગ્રીની યુએસએ, કેનેડા, અને થાઈલેન્ડ જેવા દેશમાંથી ગેરકાયદેસર મંગાવવામાં આવેલો હાઈબ્રીડ ગાંજો, એમડી ડ્રગ્સ તથા ચોરસનો કિમત રૂપિયા 3,45,25,000નો જથ્થો કરી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચએ હાઈબ્રીડ ગાંજો 10,550 કિલોગ્રામ, 79 ગ્રામ ચરસ, 248 ગ્રામ એમડી ડ્રગ્સ, કેનાબીલ ઓઈલ પાંચ એમએલની એક એવી કુલ 32 કાચની ટ્યુબ, આઈસોપ્રોપાઈલ નાઈટ્રેટ 25 એમએલની એક એવી 6 બોટલ જપ્ત કરી હતી.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ડાર્ક વેબ તથા ઈન્ટરનેટના માધ્યમથી યુએસએ, કેનેડા અને થાઈલેન્ડ જેવા દેશોમાંથી અધૂરા સરનામા અથવા ખોટા સરનામા પર ગેરકાયદેસર રીતે ગાંજો, ચરસ, એમડી ડ્રગ્સ જેવા નારકોટીક્સ પદાર્થ અમુક વ્યક્તિઓ દ્વારા મંગાવવામાં આવે છે. વિદેશમાંથી મોકલી આપવામાં આવતા પાર્સલોમાં સોફ્ટ ટોર્ચ તથા ખાદ્ય સામગ્રી, પ્રોટીન પાવડર વગેરે ચીજ વસ્તુની આડમાં માદક પદાર્થ મોકલવામાં આવતા હોય છે.

## લિંબાયતમાં પ્લમ્બરીંગનું કામ કરતી વખતે નીચે પટકાતાં પ્લમ્બરનું મોત

સુરતઃ લિંબાયતના ત્રિકમનગર સોસાયટીના પ્લોટમાં પ્લમ્બરિંગ કામ માટે મકાનના બીજા માળે દીવાલની વચ્ચેના ગેપના ભાગે ચડવા જતાં પગ લપસી જતાં શ્રમજીવી યુવાનનું ગંભીર ઈજાને પગલે મોત નીપજ્યું હતું. સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્રના ધુલિયાના વતની અને હાલ લિંબાયત વિસ્તારમાં આવેલા કલ્પનાનગરમાં રહેતા 46 વર્ષીય શતીલાલ બારકુ માળી પ્લમ્બરિંગનું કામ કરી પત્ની, બે પુત્રી તેમજ એક પુત્રનું ભરણપોષણ કરતા હતા. કાલે બપોરે શતિલાલ લિંબાયતની ત્રિકમનગર સોસાયટીના પ્લોટ નં-46માં બે માળના મકાનમાં પ્લમ્બરિંગ કરતા હતા. દરમિયાન શતિલાલ મકાનના બીજા માળે દીવાલની વચ્ચેના ગેપમાં ભાગે ચડતા હતા ત્યારે તેમનો પગ લપસી જતાં ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

## સુડોકુ ૬૯૧૬ - 'કઠિન'

| | | | | | | | | |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| | | | | ૭ | ૯ | ૧ | ૨ | |
| ૨ | ૫ | ૧ | | | ૮ | ૭ | ૪ | ૯ |
| | | | | | | ૮ | ૬ | |
| | ૩ | | ૬ | ૨ | | ૪ | ૧ | |
| ૧ | | ૮ | ૯ | | ૭ | | | |
| | | ૨ | ૧ | | ૪ | ૯ | ૩ | ૭ |
| ૪ | ૨ | ૫ | | | ૬ | | | ૧ |
| ૩ | | ૬ | ૮ | | | | | |
| ૮ | | | ૨ | | | | ૯ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### હૃદય શૂળ

અર્જુન હૃદય રોગ માટે ખ્યાતિ પ્રાપ્ત ઔષધ છે. સાથે લોહીનું દબાણ ઊંચું હોયતો અર્જુન ચૂર્ણ નો ક્ષીરપાક કે અર્જુન ઘૃત કે અર્જુન ક્વાથ આપો. લોહીનું દબાણ નીચુ હોયતો અર્જુનારિષ્ટ દર કલાકે 20 મીલી (ચાર ચમચી) પીવડાવો.

## શબ્દગુંફન - ૬૯૧૭

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. હવા પાણી (૪)
૫. હિંમત (૨)
૭. દરિયા જેવું વિશાળ (૪)
૯. દુઃખ, પીડા (૨)
૧૦. ઘંટનો અવાજ (૪)
૧૨. પાસ નહિ થયેલું (૩)
૧૪. અક્કલ (૨)
૧૫. કામદેવ (૩)
૧૭. સહેજ, થોડુંક (૩)
૧૯. સરોવર (૨)
૨૦. આશાય, હેતું (૪)
૨૨. પૈડાનો ભાગ (૨)
૨૩. હથેળી (૪)
૨૫. ડૂબેલું, લીન (૪)
૨૬. મન (૩)
૨૭. પ્રમાણે, તાબે (૨)
૨૯. લક્ષ્મી (૨)
૩૧. તાજું, ધરાયેલું (૨)
૩૨. દુંખ પીડા (૩)
૩૩. કાવતરું, છળકપટ (૪)
૩૪. સોગન (૩)

**ઊભી ચાવી**

૨. પાઘડીની અંદરનો ગાભો (૩)
૩. વગાડવું તે (૩)
૪. શરીર, દેહ (૨)
૬. મુરાદ, હેતુ (૪)
૮. જંગલ (૨)
૧૦.એકનું એક વારંવાર કહેવું તે (૩)
૧૧. ઇશારો કે સૂચના (૩)
૧૩. સાંકડા મનનું, રાંક (૩)
૧૪. હેત, સ્નેહ (૩)
૧૬. શહેર, પુર (૩)
૧૮. શંકુ આકારનું એક કંદમૂળ (૩)
૧૯. મીઠું (૪)
૨૦. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૨૧. લગની, લગ્ન (૩)
૨૨. પ્રસંગ, ટાણું (૪)
૨૩. વ્યાયામ, અભ્યાસ (૪)
૨૪. હોડી (૨)
૨૬. મારવું તે (૨)
૨૮. દાંત (૩)
૩૦. કામદેવ, સેતાન (૨)
૩૧. કિનારો (૨)
૩૨. શ્વાસ (૨)

## આજનું પંચાંગ

**તા. 14/03/2025, શુક્રવાર**

**વિક્રમ સંવત** : 2081 **શાકે** : 1946
**વીર સંવત** : 2551 **માસ** : ફાગણ
**તિથિઃ** સુદ પૂનમ 12.25, ધૂળેટી
**અયન** : ઉત્તરાયન **ઋતુ** : વસંત
**રાષ્ટ્રિય દિનાંક** : ફાગણઃ 23
**યોગ** : શૂલ **નક્ષત્ર** : ઊ.ફા. વૃદ્ધિ નક્ષત્ર છે
**કરણ** : બાવલ **રાશિઃ** સિંહ (મ.ટ.) 12.57 પછી કન્યા (પ.ઠ.ણ.)
**દિવસ** : અશુભ- હોલાષ્ટક સ. 12.25થી અભ્યંગસ્નાન, કરિદિન, શ્રી ચૈતન્ય જયંતી, ખગ્રાસ ચંદ્રગ્રહણ, ભારતમાં નહીં દેખાય. સૂર્ય મીનમાં18.51થી મીન માસારંભ, કમુરતા પ્રારંભ.
**સુરતમાં સૂર્યોદય** : 06:50 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:46
**નવકારસી** : 07:38
**પારસી વર્ષ** : 1394, આવાં માસનો 2જો રોજ
**મુસલમાન વર્ષ** : 1446, રમજાન માસનો 13મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ** : સવારેઃ 10:30 થી 12:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ.લ.ઇ.):** અચાનક મિલન-મુલાકાત પ્રિયજન સાથે થાય. અટકેલા કામ અને નાણા છૂટા થાય. વિદ્યાભ્યાસમાં પ્રગતિ.

**વૃષભ (બ.વ.ઉ.):** માન સન્માન વધે તેવા કામ પાર પડશે. નોકરી ધંધા માટે નવી યોજના પાર પડશે.

**મિથુન (ક.છ.ઘ.):** પ્રવાસ, દલાલી, શિક્ષણને લગતા કામ થાય. વડીલોના આરોગ્યના ખર્ચા વધશે.

**કર્ક (ડ.હ.):** જીવનસાથી સાથે સંતાનોના કેરીયર, શિક્ષણની યોજના બને. અચાનક નોકરી માટે પ્રવાસ થાય.

**સિંહ (મ.ટ.):** નોકરીની સમસ્યાનું સમાધાન થાય. ઉચ્ચ કક્ષાના લોકોની મુલાકાતથી નવુ કામ મળે.

**કન્યા (પ.ઠ.ણ.):** વિદેશના કામમાં મદદ મળે. આળસના કારણે કામમાં વિલંબ થાય. પ્રવાસમાં સાવધાન.

**તુલા (ર.ત.):** આનંદપ્રમોદ માટે મિત્રો સાથે પિકનીક થાય. વિદ્યાર્થીઓને અનુકૂળતા મળે. આરોગ્ય નરમ રહે.

**વૃશ્ચિક (ન.ય.):** સામાજિક અને રાજકીય બાબતોમાં પ્રગતિ થાય. નોકરીમાં નવી જવાબદારીથી કામનો બોજ વધે.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** સંતાનોના કેરીયરની યોજનામાં મદદ મળે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. આર્થિક લાભ.

**મકર (ખ.જ.):** હરીફોથી સાવધાન રહેવું. ખાવાપીવામાં ધ્યાન રાખવું. શુભ સમાચાર મળે.

**કુંભ (ગ.સ.શ.ષ.):** વિવાહની વાતમાં પ્રગતિ થાય. વિદેશના કામમાં મદદ મળે. આવકના સાધનો વધશે.

**મીન (દ.ચ.ઝ.થ.):** વિદ્યાર્થીઓ માટે અનુકૂળ દિવસ. આર્થિક બાબતે નવી બચત યોજના પાર પડશે.

## કોઇ પણ સાલમાં 14 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધા-વ્યવસાયમાં નવી ટેકનોલોજી અને સરકારની નવી યોજનાનો લાભ મળે. સાથે નવી જવાબદારી, ફેરફાર, સ્થાનફેર અને કામનો બોજ વધશે. હરીફો તેમજ સામાજિક સમસ્યાઓ સતાવે. વડીલો અને સંતાનોનાં ખર્ચા વધશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. નવા ધંધા વ્યવસાયમાં મિત્રોનો સાથ મળે. વર્ષની શરૂઆતમાં નવા ઘર, મકાન, વાહનની યોજના પાર પડશે. વિદ્યાર્થીઓને તક મળે. ઉમરલાયકના વિવાહ થાય. વિદેશના કામમાં પ્રગતિ થાય. વારસા, જાયદાદ, જમીન જેવા કામ ધીમાં પડશે. સંતાનોના કેરીયરની યોજનામાં પરિવારનો સાથ મળે. યાત્રા-પ્રવાસમાં સાવધાન રહેવું. મે-જૂન-ઓગસ્ટ, સપ્ટેમ્બરમાં સરકારી નોકરીની યોજના પાર પડી શકે છે. જૂન-જુલાઇમાં આરોગ્યના ખર્ચા વધશે.

## સચિન જીઆઇડીસીમાં રહેતા શ્રમજીવી યુવકે ફાંસો ખાઈ લીધો

સુરતઃ સચિન જીઆઈડીસી વિસ્તારમાં રહેતા યુવાને ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. મળતી માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ સચિન જીઆઈડીસી વિસ્તારમાં આવેલા શિવશક્તિ નગરમાં સંતોષભાઈની ચાલમાં રહેતા 21 વર્ષીય રામ સુખલાલ સિંગ જીઆઈડીસીની ખાનગી કંપનીમાં મજૂરી કામ કરી વતનમાં રહેતા પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. ગુરુવારે સવારે રામે રૂમમાં પંખા સાથે મફલર બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે વધુ તપાસ સચિન જીઆઈડીસી પોલીસ કરી રહી છે.

## હૃદયની બીમારીથી કંટાળી અમરોલીના 82 વર્ષીય વૃદ્ધનો આપઘાત

સુરતઃ અમરોલી વિસ્તારમાં રહેતા વૃદ્ધે હૃદયની બીમારીથી કંટાળી ઘરે ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લીધો હતો. સ્મીમેર હોસ્પિટલ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મોણપુર ગામના વતની અને હાલ અમરોલી ગણેશપુરા ગૃ.હા. બોર્ડ સોસાયટીમાં રહેતા 82 વર્ષીય વેલજીભાઈ માવજીભાઈ પ્રજાપતિ પુત્ર સાથે રહીને નિવૃત્ત વીતાવતા હતા. વેલજીભાઈને છેલ્લા 10 વર્ષથી હૃદયની બીમારી હતી અને તેની દવા પણ ચાલુ હતી. જે બીમારીથી કંટાળી વેલજીભાઈએ કાલે રાત્રે ઘરે ઝેરી દવા પી લીધી હતી. પરિવારજનો તેમને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું ગુરુવારે સવારે મોત નીપજ્યું હતું. આ અંગે વધુ તપાસ અમરોલી પોલીસ કરી રહી છે.

# RTI એક્ટિવિસ્ટ બની લોકોને રંજાડતા વધુ છ તોડબાજો સામે ગુનો

**સિટી** ટુડેના સાકિબ જરીવાલા, એક્તા ચેરિટેબલ ટ્રસ્ટના ઝહીરખાન પઠાણ અને મનીષ ઘંટીવાલા પર પોલીસનો સકંજો

સુરત શહેરમાં છેલ્લા ઘણા સમયથી RTI એક્ટિવિસ્ટ તથા બની બેઠેલા પત્રકારો દ્વારા લોકોને રંજાડતા હોવાની ફરિયાદો ઉઠતા પોલીસે લાલ આંખ કરી છે અને શહેરના અલગ અલગ પોલીસ મથકમાં ખંડણીખોરો સામે એક પછી એક ગુનાઓ દાખલ થઈ રહ્યા છે.ત્યારે સલાબતપુરા પોલીસે પાંચ વ્યક્તિઓ સામે બે ગુનાઓ અને ઉધના પોલીસ મથકમાં એક જ વ્યક્તિ સામે બે ગુના સહીત કુલ અલગ અલગ ચાર ગુનાઓ નોંધાયા છે.

### ગુનો નંબર-1 : અમે ચાર ભાઇ છીએ એક જેલમાં જાય તો ફેર નહીં પડે

સલાબતપુરા વિસ્તારમાં રહેતા મોહંમદ અયાઝ મોહંમદ ઇમ્તીયાઝ દાદુ અને તેમનો ભાઇ મોહંમદ શોએબ બિલ્ડર છે. ગઇ કાલે શાહનવાઝ મોહંમદ રફીક છજ્જું, મોહંમદ અયાઝ મોહંમદ રફીક છજ્જું અને તબરેઝ મોહંમદ રફીક છજ્જું (ત્રણેય ભાઈ રહે. સપ્તશ્રૃંગી માતાના મંદીરની સામે રેશમવાડ સલાબતપુરા સુરત) તેમની બાંધકામની સાઇટ ઉપર આવ્યા હતા. આ ત્રણેયે તેમનું બાંધકામ ગેરકાયદે હોવાનું કહી રૂપિયા માંગ્યા હતાં.

### ગુનો નંબર-2 : 35 લાખનો ફ્લેટ 18 લાખમાં પડાવી માત્ર 5 લાખ આપી 20 લાખ સામેથી લેવાના કાઢ્યા

સલાબતપુરા પોલીસ મથકમાં મોહંમદ અયાઝ મોહંમદ ઈમ્તિયાઝે એક્તા સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટના ઝહિરખાન ઝમશેરખાન પઠાણ તથા ન્યુઝ સિટી ટુડે દૈનિક ના મોહંમદ શાકીબ મુનાફ (મેમણ) જરીવાલા સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં તેમને જણાવ્યું હતું કે નવેમ્બર ૨૦૨૩માં ઝહીરખાન પઠાણ તેમની પાસે આવ્યો હતો અને ફ્લેટ ખરીદવાની વાત કરી હતી. તેમણે ફ્લેટ બતાવી 35 લાખનો હોવાનું કહેતા આરોપી ઝહીરખાને ‘હું ટ્રસ્ટ ચલાવું છું તારું બાંધકામ ગેરકાયદેસ છે. જેથી આ ફ્લેટ મને ૧૮ લાખમાં આપવો પડશે અને જો તું ૧૮ લાખમાં ફ્લેટ નહી આપે તો હું પાલિકામાં તારી વિરુદ્ધ આર.ટી.આઈ કરી બાંધકામ તોડાવી નાંખીશ’ તેવી ધમકી આપી હતી. જેથી તેમણે ૧૮ લાખમાં ફ્લેટ આપી દેવા માટે તૈયારી બતાવી હતી.જેથી બાદમાં ટુકડે ટુકડે ઝહીરખાને રૂપિયા પાંચ લાખ ચૂકવ્યા હતા અને બાકીનું પેમેન્ટ નહીં ચૂકવી ફ્લેટના પઝેશનની માગણી કરી હતી. બાંધકામ ચાલુ હોવાથી તેમણે પઝેશન નહીં આપતા સિટી ટુડે દૈનિક ના મોહંમદ શાકીબને પોતાની પાસે બોલાવી તેને લઈને બાંધકામ સાઈટ પર આવ્યો હતો અને ફોટાઓ સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા હતા. જે તે સમયે મોહંમદ અયાઝ રૂપિયા પાંચ લાખ પરત આપી દેવાની તૈયારી બતાવી હતી. પરંતુ ઝહીરખાને મારે પાંચ લાખ નહીં પરંતુ તારે મને ૨૦ લાખ રૂપિયા આપવા પડશે તેમ કહીને લોખંડના સળિયા વડે તેમને માર માર્યો હતો.

### ગુનો નંબર-3 : હું ઉધના વિસ્તારમાં જ રહું છું તારા શેઠનાં ટાંટિયાં તોડાવી નાંખીશ

પાલનપુર ગામમાં સુમન જયોત એસએમસી આવાસમાં રહેતા અને ઉધના બીઆરસી કમ્પાઉન્ડ ખાતે લક્ષ્મીનારાયણ ઇન્ડસ્ટ્રીયલમાં નવા બંધાતા બિલ્ડિંગમાં સુપરવાઇઝર તરીકે કામ કરતા જીતેન્દ્ર શંકરભાઇ વસાવાએ ઉધનામાં રહેતા મનીષ ઘંટીવાલા (રાણા) સામે ઉધના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે જણાવ્યું છે કેર, મનીષ ઘંટીવાલાએ ત્યાં આવી બાંધકામના ફોટા પાડી એક લાખ માંગી તે નહીં આપે તો કલેક્ટર કચેરીએ જિલ્લા સ્વાગતમાં ફરિયાદ નિવારણમાં અરજી કરી આ બાંધકામ તોડાવી નાખવાની ધમકી આપી હતી. તેણે કહ્યું હતું કે ‘હું ઉધના વિસ્તારમાં જ રહું છું અને તારા શેઠના ટાંટિયા તોડાવી નાખીશ’.

### ગુનો નંબર-4 : રૂ.૫૦,૦૦૦ની માંગણી કરાતા ફરિયાદ નોંધાઈ

વેસુ વિસ્તારમાં જીવરાજ સર્કલ પાસે રાજહંસ જીવનમાં રહેતા અશોકભાઈ મહાવીર પ્રસાદ અગ્રવાલ બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ઉધના બીઆરસી કમ્પાઉન્ડમાં લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીયલમાં એક પ્લોટમાં તેમનો બાંધકામ ચાલુ હતું. ત્યારે મનીષ ઘંટી વાળા ત્યાં પહોંચી ગયો હતો અને બાંધકામના ફોટા પાડી જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણમાં ખોટી અરજીઓ કરી બાંધકામ તોડાવી નાખ્યું હતું. અશોકભાઈએ મનીષ ઘંટીવાળા ન રૂબરૂમાં પોતાને ઓફિસે બોલાવતા મનિષે ૫૦,૦૦૦ ની માંગણી કરી હતી.